# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૫૦ • તા. ૨૫ મે થી ૩૧ મે ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની શિક્ષણ સમિતિએ ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર સાથે કોલેજ એડમિશન માટે MOU કર્યું



સૌ સંબંધોમાં મૈત્રી સંબંધ શ્રેષ્ઠ છે,
તેમાં નિઃસ્વાર્થ પ્રેમ અને
સમર્પણની ભાવના ભરેલી છે.
મૈત્રીને કોઈ સીમા બંધન કે ભેદ હોતાં નથી
દસ હજાર સગાં વહાલાં કરતાં
એક સાચો મિત્ર વિશેષ છે.

– અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તીલોકચંદ નરશી દંડ**
**કિર્તીકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓાગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# શ્વાસ જેટલું જ મહત્વ વિશ્વાસનું

વિશ્વાસ શબ્દ ટચૂકડો છે, બહુ નાનકડો છે પણ તેની અસર બહુ મોટી છે. તેનો સંગ બહુ ઊંડો છે, અગાધ છે. વિશ્વાસ માટે આપણું માનવું છે કે બીજાની ઉપર તેનો આધાર રહેલો હોય છે. નહીં એવું બિલકુલ નથી. બીજા આધારે આશરે રહી આપણે આપણી જાતનો જ ભરોસો તોડીએ છીએ. ખુદ આપણે પોતાને નિરાશ કરીએ છીએ. બીજા પર આધાર-આશરો રાખવા કરતાં પોતાના પર વિશ્વાસ રાખીએ અને મજબૂત સંકલ્પ આપણે પોતાની જાત પર કરીએ.

જાત પર રાખેલો વિશ્વાસ ક્યારે નિરાશ નહીં કરે જ્યારે અન્ય પર રાખેલો આધાર ક્યારે નિરાધાર આપણને કરી દેશે. એનું ભલું નહીં, જાત પછી આપણો પરિવાર આપણા સંતાનો, મિત્રો વિગેરે પછી આવે. એટલે જે કહેવાયું છે કે ''વિશ્વાસે વહાણ તરે''. આ વિશ્વાસનો બીજો પર્યાય જોઈએતો આસ્થા, એતબાર, યકીન ભરોસો પણ થઈ શકે.

ખોટા માર્ગે ગયેલ વ્યક્તિ કે કુસંગે ચડેલ કો'કને આપણે કહીએકે મને તારી પર પૂરો ભરોસો છે. ત્યારે એક બગડેલ વ્યક્તિ પણ ખોટો માર્ગ અપનાવતા ખંચકાટ અનુભવશે. શક્ય છે કે એ માર્ગે જશે જ નહીં પણ આપણે એના પર બતાવેલ ભરોસો તેની માટે સ્પીડ બ્રેકરનું કામ જરૂરથી કરશે એ નક્કી છે. તે આડા અવળા માર્ગે વળતા પહેલાં જરૂરથી વિચારશે કે મારા પર આટલો વિશ્વાસ કરવામાં આવી રહ્યો છે એ તોડીને હું બરોબર કરું છું ખરો?

ઈતિહાસ બનાવેલ સફળ વ્યક્તિઓની કથા જોતા, જાણતા, વાંચતા કે સમજતા એટલું આપણે જરૂર નોંધી શકીએ છીએ કે તેઓએ પોતાના પર અન્યોએ મૂકેલ વિશ્વાસને તૂટવા નથી દીધો એટલે જ પોતાની અલગ, આગળ ઓળખ સર્જવામાં તેઓ કામયાબ રહ્યાં હતા. ગમે તેટલું સહન કરવાનુ આવે તોય તે ઓ જાત વિશ્વાસ અને જાત મહેનત ના પરિબળો તેઓ જતનપૂર્વક સાચવી રાખ્યાં હતા. એટલે જ ઐતિહાસિક પરિબળ બની શક્યા. કારણકે તેઓએ પોતાના પર રાખેલો વિશ્વાસ તૂટવા નથી દીધો હોતો અને આમ પોતાની અલગ છાપ આગવી પ્રતિભા ઊભી કરવામાં કામયાબ રહ્યાં હતા. જાત પર વિશ્વાસ રાખનાર વ્યક્તિને નિરાશ થવાનું ભાગ્યે જ બને છે. કારણ કે તેઓ એવા માર્ગ પર અખંડ ચાલતા રહે છે કે દુનિયાને તેમની લાયકાત પર વિશ્વાસ રાખવો જ પડે છે. માટે જ શરીરને ટકાવી રાખવા શ્વાસનું મહત્વ છે એટલું વ્યવહાર જીવનમાં વિશ્વાસનું મહત્વ છે.

- જ્ઞાતિમૈયા

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની શિક્ષણ સમિતિએ ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર સાથે કોલેજ એડમિશન માટે MOU કર્યું

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની શિક્ષણ સમિતિ દ્વારા જામનગરની ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટની કોમર્સ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી(આઈ.ટી.), કોમ્પ્યુટર એપ્લીકેશન કોર્સની ડિગ્રી અભ્યાસ માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓને એડમિશન મળે એ માટે ટ્રસ્ટની વિવિધ ૯ ડિગ્રી કોલેજ માટે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ(એમઓયુ) કરાયું છે. સમસ્ત મહાજન શિક્ષણ સમિતિ ચેરમેન કમલેશભાઈ દંડ અને ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતેશ કે. શાહ દ્વારા સહી સિક્કા કરાયા.

## બાળયુવા ૯૯ યાત્રાના યાત્રિકો તપસ્વીઓના પારણાં




બાળ યુવા ૯૯ યાત્રાના યાત્રિકો છઠ કરીને સાત યાત્રા કરનાર પંદર યુવા યાત્રિક તપસ્વીઓના પારણા તા. ૨૪ મે ૨૦૧૯ શુક્રવારના થયા આ પ્રસંગે કન્વીનરો, સંઘપતિઓ, કાર્યકર્તાઓ, યાત્રિકોના માતપિતા, ચતુર્વિધ સંઘના ઉમંગ ભર્યા સથવારે કરાયા તથા જૂની જયતળેટીની ૪૮૮મી સાલગિરાહ નિમિત્તે ધજા ચડાવવામાં આવી. ગુણોદયપુરમમાં નૂતન ધજાઓના દર્શનનો લ્હાવો શ્રાવક-શ્રાવિકોએ લીધો હતો અને તા. ૨૫-૫-૨૦૧૯, શનિવારે સવારે ૭.30 કલાકે વાજતે ગાજતે જૂની જય તળેટી સકળ સંઘ જઈ નૂતન ધજારોહણનો પ્રસંગ પાર પાડયો ઉત્સાહ ઉમંગ અને ધર્મ લાભનો અનેરો માહોલ સૌએ આ પ્રસંગે માણ્યો. સાંજે ૪ થી દરમ્યાન પાલીતણા તીર્થના વિશિષ્ટ જિનાલયો મ્યુઝિમો વિગેરેની દર્શન યાત્રાનો સૌ એ લાભ લીધો.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org
અથવા વોટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

Since 1989
Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar
OLYMPIA
TRAVELS 'N' TOURS
" The One Stop Travel Shop, Right Where You Need It "
Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism
M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance
Weekend Destination
Shop No.5 | Megh Ratan | Deraser Lane | Ghatkopar East | Mumbai - 400077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
+91-93240 58413
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
www.olympiatourism.in
IATA Accredited Agent

# અપોલો મ્યુનિક હેલ્થ ઈન્સ્યુરન્સની સર્વોચ્ચ ક્લબમાં બિપિનભાઈ નાગડાને સન્માનિત કરાયા

શ્રી બિપીન પાશ્વીર નાગડાએ વર્ષ ૨૦૧૮ દરમ્યાન અપોલો મ્યુનિક હેલ્થ વીમા કાં.માં સર્વોચ્ચ ક્લબ ટીઓટીમાં સ્થાન મેળવીને તેમજ ૯૦ લાખનું નવું પ્રિમીયમ મેળવીને સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.




તેમનું કાં. તરફથી પરિવાર સાથે લંડન તેમજ સ્કોટલેન્ડની આઠ દિવસીય ટૂર તેમજ હોન્ડા જાજ કાર સાથે હિલ્ટન હોટલ લંડન ખાતે સન્માનિત કરવામાં આવ્યા.

તેઓશ્રી આઈસીઆઈસીઆઈ લીમ્બર્ડ કાં. નું એલાઈટ લીઓ ક્લબ હાંસલ કરેલ છે. જે બદલ કાં. તરફથી સપરિવાર તા.૧૦ જુનથી તા.૧૮ જુન ૨૦૧૯ સુધીની લંડન અને સ્કોટલેન્ડની ૯ દિવસની ટૂર સાથે તા.૧૬ જુનના લંડનમાં વર્લ્ડ કંપની ભારત વર્સીસ પાકિસ્તાનની દિલધડક મેચ પરિવાર સંગ માણવાની સાથે સન્માનિત કરવામાં આવશે. આ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન.



# શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિઠાણાનું સુરતનગરે પ્રવેશ





મારવાડ રત્ન કચ્છ કોહિનૂર ગુરૂ ગૌતમ, વિહાર તીર્થ પ્રેરક પ.પૂ.મુનિરાજ શ્રી કમલ પ્રભસાગરજી મ.સા. આદિઠાણા તા. ૨૩ મે ૨૦૧૯ ગુરૂવારના સવારના ૭ કલાકે શાશ્વત મંદિર ઈન્ટરસિટીથી વાજતેગાજતે મોડલ ટાઉન ઉપાશ્રયમાં ભવ્ય પ્રવેશ કર્યો. મંગલ પ્રવચનનો લાભ સંઘે લીધે. ત્યારબાદ નવકારથી વ્યવસ્થા રખાઈ હતી. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉમેટભેર લાભ લીધો હતો. અચલગચ્છ જૈનશ્રી સંઘ ટ્રસ્ટ, મોડલ ટાઉન સુરત મ.સા. ની પાવન નિશ્રાથી ધન્ય થયું.




# ગુણ ગુણોદય સિદ્ધાંચલ યુવા ૯૯ યાત્રા અંતિમ ચરણોમાં

યુગ પ્રભાવક ગુરૂ ગુણ રાષ્ટ્ર સંતના શિષ્ય, ગુરૂ ગુણોદયના આજ્ઞાવંત શ્રી સર્વોદયસાગર મુનિરાજના કૃપાવંત અધ્યાત્મયોગી શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં ૯૯ યાત્રાના અંતિમ ચરણોના પાંચ દિવસો બાકી રહ્યાં છે. સૌને ધર્મ લાભ આપનારી પુણ્યોદય કરનારી આ યાત્રા હવે પૂર્ણાહુતિના તબક્કામાં છે.

બાકી રહી ગયેલા ઓ હજીપણ લાભ લઈ લેવા જોગ મોકો છે. તા. ૨૬ મે રવિવારે કદંબગીરિ, શત્રુંજયડેમ, ભંડારીયાજી હસ્તગિરી રોહી શાળા, નવકારઘામ વિ.તીર્થોના દર્શન કરાવતી પંચતીર્થી યાત્રા, સાંજે શત્રુંજી નદી કાંઠે સામૂહિક સાંય આરતી. તા. ૨૭ મે સોમવાર સવારે પ્રથમ ગિરિરાજ યાત્રામાં દાદાના દરબારે આયંબિલનું પચ્ચક ખાણ, ૯૯ પ્રકારી મહાપૂજા-મંડપમાં સાંજે બીજી યાત્રામાં દાદાના દરબારે ચોવિહારનું પચ્ચક ખાણ કરાવતી આયંબિલ યાત્રા. સાંજે સેવાભાવી કાર્યકર્તાઓનું સન્માન. તા. ૨૮મે મંગળવાર રોજે ૧ દિવસનાં સાધુજીવનનો સ્વાદ ચખાડવા પૂર્વક કરાતી પોષધમાં ગિરિરાજની યાત્રા, સાંજે યાત્રિકોનું બહુમાન તા. ૨૯ મે ૨૦૧૯ બુધવાર સંપૂર્ણ ગિરિરાજ માહિતી અપાવવા દ્વારા મહાતીર્થને જણાવતી ''સમજણ યાત્રા'' સાંજે માનવંતા સંઘપતિ પરિવારોનું બહુમાન સાથે અભિવાદન અનુમોદના.

તા. ૩૦ મે ૨૦૧૯ ગુરૂવારના સવારે ૮ કલાકે નાણા વિધપૂર્વક તીર્થમાળ, સંઘમાળ સમારોહ, સાંજે ૫ કલાકે ગુરૂભગવંતોનું મુંબઈ તરફ વિહાર પ્રારંભ તથા યાત્રિકોનું મુંબઈ તરફ મંગળ વિદાય પ્રયાણ પ્રારંભ. તા. ૩૧ મે શુક્રવારે નવાણું યાત્રાની મંગળ પૂર્ણાહુતિ સાથે યાત્રાનો લીધેલ સૌના એ હૃદય સ્મૃતિમાં યાત્રાનું ભવ્ય ભાથું કાયમ સ્મૃતિવંત રહેશે એ સાથે યાત્રા કન્વીનર રામજી શામજી ધરોડ અને સર્વે સાથી કાર્યકરોની અનમોલ ભાવના સહ મિચ્છામિ દુક્કડમ.

# શ્રી નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા છાસ વિતરણ કરાયું




શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ જૈન મહાજન અમદાવાદ સંચાલિત શ્રી નવયુગ યુથ ફોરમના ઉત્સાહી યુવાનો દ્વારા શનિવાર, તા. ૧૮-૫-૧૯ના બપોરે ૨.૩૦ કલાકે અમદાવાદની અસહ્ય ગરમીમાં લગભગ ૫૦૦ થી વધુ રાહદારી અને મજૂર વર્ગને મફત છાશનું વિતરણ રાજેશ ધરમશી, કેતન લોડાયા તેમજ દેવેશ દંડના માર્ગદર્શન હેઠળ કરેલ.

માનવસેવાના ઉમદા કાર્યની સંપૂર્ણ જવાબદારી યુવાનો એ ખૂબ જ ઉત્સાહ પૂર્વક નિભાવેલ. જેમાં અજેશ મુનવર, જયદીપ મૈશેરી, નેહલ મૈશેરી, ધ્રુવ છેડા, દીપેશ શિયાળ, રોહન મોતા, વિપુલ નાગડા હતા.

નવયુગ યુથ ફોરમ દ્વારા ટૂંક સમય સ્કૂલો શરૂ થાય એ પહેલાં અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં ફૂટપાથ પર અભ્યાસ કરી રહેલા ૧૫૦ થી પણ વધારે ગરીબ બાળકો ને ભણતર માટે નોટબુક, પેન, પેન્સિલ અને અન્ય જરૂરી સામગ્રીનું મફત વિતરણ કરશે. સેવા કાર્ય માટેની  સંપૂર્ણ જવાબદારી અંકિત જીતેન્દ્રભાઈ ખોના, સંદીપ નવીનભાઈ મોતા અને મિશાલ લોડાયા આ યુવાનો એ સ્વીકારેલ છે.

# અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં મહામંત્ર નવકાર ભાષ્ય જાપ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે બૃહદ મુંબઈ પંચ પરમેશ્વરી આરાધક પરિવારના જયંતભાઈ રાહીના શિષ્ય જીગ્નેશભાઈ નાગડા અને સાથી કલાકારો દ્વારા મહામંત્ર નવકારના ભાષ્ય જાપનો મણકો ત્રીજો રવિવારે તા. ૨૬ મે ૨૦૧૯ના સવારે ૭.૧૫ કલાકે શ્રી સુવિધિનાથ જિનાલય, કલ્પતરૂ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ) મધ્યે રજૂ કરાશે.

જાપપૂર્ણ થયા બાદ નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે જાપના, ૧ મણકા સુધી નવકાકશીના પાસ આપવામાં આવશે. આ જાપ અનુષ્ઠાનમાં આરાધકોએ શ્વેત વસ્ત્રો પરિધાન કરી પધારવાં. જાપ અને નવકારશીના દાતા માતુશ્રી જયાબેન દેવશી મૈશરી નાની સિંધોડી પરિવાર છે. 'સ્વરથી ઈશ્વર' સ્તવાવલી પુસ્તકનું લોકાર્પણ તેમજ વિમોચન એજ દિવસે મહાનુભાવો દ્વારા કરવામાં આવશે. સ્તનાવલીના દાતાશ્રી અ.સૌ.તારાબેન અનિલ નાનજી દેઢિયા હસ્તે પુત્ર-પુત્રવધુ અ.સૌ. સ્નેહા રૂષભ દેઢિયા હમલા મંજલ હાલે ગઢશીશા અંધેરી. આરાધકો ને પુસ્તકની ભેટ આપવામાં આવશે.

# શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ દ્વારા ૨૦મી ધ્વજારોહણ અવસરનું આયોજન

દેવલાલી તીર્થના જયકારી શ્રી શાંતિનાથ દાદાના જીનાલયના ૨૦મા ધ્વજારોહણનો ઉમંગભર્યો અવસરે તા.૨૬ મે,૨૦૧૯ રવિવારના સવારે ૯ કલાકે પંચકલ્યાણક પૂજા, તા.૨૭ મે, ૨૦૧૯ સોમવારના સવારના ૮.૩૦ કલાકે શ્રી અઢાર અભિષેક તેમજ બપોરે સાધર્મિક ભક્તિ આનાફોડથી કરવામાં આવશે. વૈશાખ સુદ ૧૦ મંગળવાર તા.૨૮ મે,૨૦૧૯ સવારના ૮.૩૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજા સાથે ધ્વજારોહણ વિધિ અને વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના ચડાવા લેવામાં આવશે. બપોરના સ્વામી વાત્સલ્ય પ્રીન્સ ભોજનાલયમાં રાખવામાં આવેલ છે. વિધિકાર શ્રી રાકેશભાઈ પંડિતજી નાશિકવાલા અને સંગીતકાર શ્રી ભાવેશભાઈ શાહ એન્ડ પાર્ટી નાશિકવાલા પધારશે. પ્રીન્સ ભોજનાલયના આયોજનને પહોંચી વળવા સહાયક દાતા, ઉપસહાયક દાતા, આધાર દાતા, શુભેચ્છક દાતા, કાયમી તિથીના દાતા નામ નોંધાવાશે. ભાગ્યશાળી દાતાનું નામ પ્રીન્સ ભોજનાલયમાં તથા આયંબિલ ભવનમાં યોગ્ય જગ્યાએ કંડારવામાં આવશે.

# વિરાર સંઘ કન્યા શિબિરમાં ગહુલી કોમ્પિટિશન યોજાઈ





વિરાર અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીજીશ્રી દિવ્યપૂર્ણાશ્રી જી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં કન્યા શિબિર અંતર્ગત તા. ૧૧ મે ૨૦૧૯ સોમવાર દિને ગહુલી કોમ્પિટિશનનું આયોજન કરાયેલ બાલિકાઓ ઉત્સાહ ભેર આમાં જોડાઈ હતી પોતાની અભિવ્યક્તિનું દર્શન કર્યુ હતું.

# અચલગચ્છાધિપતિનું આદિપુર નગરમાં પ્રવેશ



અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા. આદિઠાણા તા. ૨૦મે ૨૦૧૯, સોમવારના સવારે કચ્છના આદિપુર નગરમાં વાજતે ગાજતે પ્રવેશ કરેલ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગ ભેર સામૈયું કરતા ધન્યતા સાથે જોડાયા હતા અને લાભ લીધો હતો.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સુથરીનગરે ૧૮૦મી ધ્વજા પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા






અબડાસાના સુથરી મહાતીર્થ નગરે ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના ૧૮૦મી ધ્વજા મહોત્સવ પ્રસંગે ત્રિદિવસીય કાર્યક્રમ પ.પૂ.મુનીરાજની મુક્તિરત્ન સાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીજીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રાના નંદનવનમાં તા. ૯ થી ૧૧ મે સુધી યોજાયો. પ્રથમ દિવસે વૈશાખ સુદ પાંચમ તા. ૯ મે ૨૦૧૯ ગુરૂવાર સવારે ૬.૩૦ કલાકે પક્ષાલ પૂજા, બપોરે ૩.૩૦ કલાકે પાર્શ્વનાથ પંચ કલ્યાળ પૂજા, માંડવી સ્નાત્ર મંડળની બહેનોના સંગાથે થઈ. પૂજાના લાભાર્થી શ્રી ચંદ્રસેન શામજી ખીયંશી દંડની જન્મતિથિ ખુશાલી નિમિત્તે હસ્તે માતુશ્રી ઝવેરબાઈ શામજી ખીંયશી દંડ પરિવાર હતા. સાંજે પરમાત્મા ભક્તિ સાથે મંગળ આરતી કરાઈ.

દ્રિતિય દિવસે તા. ૧૧ મે ૨૦૧૯ શુક્રવાર સવારે પક્ષાલ પૂજા અને અઢાર અભિષેક વિધિકારશ્રી કેવલભાઈ સાવલા એન્ડ પાર્ટી સાંજે ૪ કલાકે પ.પૂ. મુનીરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મ.સા.નું સામૈયુંથ. તૃતીય દિવસ તા. ૧૧ મે ૨૦૧૯ શનિવારે સવારે ૬.૩૦ કલાકે પક્ષાલ તથા પૂજા ત્યારબાદ સતર ભેદી પૂજા અને ૧૮૦મી ધ્વજા આરોહણ ભવ્યતાથી કરાયું. વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા એન્ડ પાર્ટી હતા. રાત્રે પરમાત્મા ભાવના આરતી મંગળ યોજાયા.





| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

TRUST REG. No. E - 32088 (MUMBAI)

: ADMINISTRATIVE OFFICE :
C/o. DOSTI REALITY LTD., LAWRENCE & MAYO HOUSE, 1st FLOOR, 276, DR. D. N. ROAD, FORT, MUMBAI - 400001
PHONE: 2219 8500 FAX : 2205 5556 E-MAIL : kdoclassic.foundation@gmail.com

## : ઓપરેશન અભિયાન :

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન જ્ઞાતિજનો માટે વિવિધ નિઃશુલ્ક (FREE) અભિયાન છેલ્લા ૨૦ વર્ષથી ચલાવે છે.

**કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન હવે ક. દ. ઓ. જ્ઞાતિજનો માટે તા.૯મી જૂન, ૨૦૧૯થી નિઃશુલ્ક (FREE) (શરતો આધીન) ઓપરેશનની જાહેરાત કરે છે. આ ઓપરેશન સુપર સ્પેશીઆલીટી જ્યુપીટર હોસ્પીટલ, થાણા, ખાતે કરવામાં આવશે. નીચે દર્શાવેલ ઓપરેશનનો આ અભિયાનમાં હાલ સમાવેશ કરેલ છે. આ ઉપરાંત અન્ય ઓપરેશન અને બીજી તબીબી સેવા બદલ જ્યુપીટર હોસ્પીટલ, થાણે, સાથે અમારી ચર્ચા ચાલુ છે. જેની માહિતી સમય સમય પર જ્ઞાતિજનોને આપતા રહીશું.**

**ઓપરેશનની યાદી :**

૧. એન્જીઓગ્રાફી (Angiography)
૨. એન્જોપ્લાસ્ટી (Angioplasty)- એન્જીઓગ્રાફી કરી સ્ટેન્ટ (Stent) બેસાડવાનું ઓપરેશન
૩. ગોઠણના સાંધાબદલી (Knee Replacement) કરવાનો ઓપરેશન
૪. સ્તનના કેન્સર (Breast Cancer) ની ગાંઠ કાઢવાનું ઓપરેશન
૫. ગર્ભાશય (Embryo)નું ઓપરેશન
૬. સારણ ગાંઠ (Hernia)નું ઓપરેશન
૭. પિત્તાશય (Gall Bladder)નું ઓપરેશન
૮. એપેન્ડીક્સક્ષ (Appendix)નું ઓપરેશન

ઉપરોક્ત ઓપરેશન નીચેની શરતોને આધિન નિઃશુલ્ક (FREE) કરાવી આપવામાં આવશે

**શરતો :** ● ફક્ત અને ફક્ત ક.દ.ઓ. જ્ઞાતિજનને આ સવલતો અપાશે. ● ઓપરેશન અભિયાન ફક્ત આર્થિક જરૂરીઆતમંદ ક.દ. ઓ. જ્ઞાતિજનો માટે જ છે. ● સંપૂર્ણ કુટુંબની માસિક આવક રુપિયા ૩૦,૦૦૦ કે તેથી ઓછી હોવી જોઈએ. ● કુટુંબનો મેડીકલ વીમો (Floating Mediclaim) કે વ્યક્તિગત મેડિકલ વીમો હોવો ન જોઈએ. ૫. ઓપરેશન અભિયાનમાં જ્ઞાતિજનને મલ્ટી શેરીંગ બેડ (Multi Sharing Bed) રુમમાં રખાશે. ● કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ઓપરેશન અભિયાન હેઠળ જ્યુપીટર હોસ્પીટલ, થાણેમાં ઓપરેશન કરાવવું કે નહીં એનો નિર્ણય જ્ઞાતિજને સમજી વિચારી પોતે યા એમના કુટુંબીજનોએ પોતાની સંપૂણ જવાબદારી પર લેવાનો છે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની ફકત નાણાંકિય જવાબદારી રહેશે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની અન્ય કોઈ જવાબદારી રહેશે નહીં.

## : જ્ઞાતિ જોગ અપીલ :

આપ સર્વજ્ઞાતિજનને વિદીત છે જે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન છેલ્લા ૨૦ વર્ષોથી જ્ઞાતિજનો માટે નિયમીત વિવિધ નિઃશુલ્ક (FREE) અભિયાન ચલાવી રહ્યું છે. અત્યાર સુધી આ અભિયાનો ચલાવવા ફંડ માટે જ્ઞાતિ પાસે અમે આવ્યા નથી. ઓપરેશન અભિયાન શરુ કરી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન તબીબી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે..આ ઓપરેશન અભિયાન માટે બહુ મોટા ફંડની; જરુર રહેશે. અમારી સર્વ જ્ઞાતિજનો નમ્ર વિનંતી છે જે અમને શક્ય તે નાણાંકીય મદદ કરશોજી.. આપના કુટુંબના સારા પ્રસંગોએ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનને યાદ કરી અમને અમારા આ ઉમદા કાર્યમાં મદદ કરશોજી. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન પાસે 80-G ( No.:CIT(E)/80G/2462/2017-18) સર્ટીફિકેટ છે.

**: BANK DETAILS :**

**NAME : KDO CLASSIC FOUNDATION.**
**BANK : SHRI ARIHANT CO-OP. BANK LIMITED.**
**BRANCH : MULUND (West), MUMBAI-80.**
**ACCOUNT NO.: 002001006961**
**IFSC CODE : ICIC00ARIHT (ICIC Zero Zero)**

આપ અમારા ખાતામાં રકમ જમા કરાવો તો એની માહિતી શ્રી મણિકાંત હીરજી ધુલ્લાને આપશોજી તથા રસીદ કોના નામથી બનવવી છે તે પણ જણાવશોજી. **સંપર્ક : શ્રી મણિકાંત હીરજી ધુલ્લા** : 98201 41919 e-mail : kashmirapratapxlnc.com
**શ્રીમતી તેજલબેન રાજેશ શાહ** : 98209 53425 e-mail : tejaldostirealty.com

# સમસ્ત કદઓ જૈન મહાજનની મેડિકલ સમિતિની મે ૨૦૧૯ સુધીની ઉત્કર્ષ કામગીરી

સુથરીના પેંડાવાળા કલ્યાણજી ડાઘાના પુત્ર લલીત (હાલ બધા ભુજોડી-કચ્છ)ને તકલીફ થતાં ભૂજમાં તપાસ કરાવી. પેટમાં પાણી ભરાતું તે કઢાવ્યું પણ ફરી ભરાઈ જતાં તથા ત્યાં રોગની જાણ ન થતાં, ડોંબિવલીમાં પોતાની બહેનને ત્યાં આવ્યો અને ડોંબિવલીની હોસ્પિટલમાં દાખલ થયો. લીવર બરાબર કામ કરતું ન હોવાથી તેના પેટમાં પાણી ભરાતું હતું. સુધારો ન થતાં જ્યુપીટર હોસ્પીટલમાં (થાણા) મનીષાબેનને મળ્યા અને તેમણે તાત્કાલિક ચેરીટીમાં દાખલ કરાવ્યા. સમસ્ત મહાજનની મેડીકલ ટીમ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૯ માં દાખલ કરાયા. અઠવાડીયું એમ.આર.આઈ.-સ્કેન લોહીની તપાસ થતા હોસ્પિટલની હેમેટોલોજીસ્ટ ટીમે તેમને જેક ૨ દરદ થયાની જાણ કરી અને ઉપચાર ચાલુ કર્યા. હૃદયમાંથી લીવરમાં લોહી લઈ જતી ત્રણ નસો બ્લોક થયાથી લીવરને લોહી મળતું ન હતું. ઉપચાર ખર્ચાળ હતો. રોજની એક ખાસ એક ગોળીનો ખર્ચ ચાર મહિનાનો રૂા. ૩ લાખ ૬૦ હજાર અંદાજાયો. મનીષાબેને હોસ્પિટલ દ્વારા દવા બનાવનાર કંપનીને વિનંતી કરતાં દવા બનાવનાર કંપનીના ડૉ. તપાસ કરવા આવ્યા અને ચાર મહિનાની રૂા. ૩.૬૦ની દવા ચેરીટીમાં આપવા સ્વીકાર્યું. કુલ ખર્ચ ૬ થી ૭ લાખ અંદાજાયેલો. એટલે સમસ્ત મહાજને જુદા જુદા વોટસ્અપ ગ્રુપ પર લલીતભાઈને મદદ કરવા જ્ઞાતિજનોને વિનંતી કરી અને ક્રાઉડ ફંડીંગ શરૂ કર્યું. જ્ઞાતિજનો/ટ્રસ્ટો/સંસ્થાઓ/મહાજનોનો સારો પ્રતિસાદ મળ્યો. ભૂજમાંથી અઠવાડીયામાં દોઢ લાખ રૂા. જ્ઞાતિજનો અને નગરજનોએ નોંધાવ્યા. લલીતની તબિયતમાં સુધારો જણાયો. દવાની અસર થતાં પેટમાં પાણી ભરાવાનું ચાલું હતું. અને પેટમાં ઈન્જેક્શનથી પાણી કઢાવાનું ચાલુ રહેતાં પેટમાં દુખતું હતું.

લલીત ડાઘાની ટ્રીટમેન્ટ : ફેઝ ૨ : બે મહિના પછી એપ્રિલ ૨૦૧૯ના અંતે વધુ સુધારો ન થતાં લોહી લઈ જતી નસોનું બાયપાસ કરવાનું ડૉક્ટર ટીમે નક્કી કર્યુ. મે મહિનાની શરૂઆતમાં 'સંજીવની' કમીટી એવં લલીતના ઘરવાળાને પ્રેજન્ટેશન દેખાડી આગળની કાર્યવાહી વિષે જણાવ્યું.

લલીત પ્રથમ ટ્રીટમેન્ટ માટે મળેલ સહાયમાંથી એક લાખ જમા છે ફેઝ-૨ની ટ્રીટમેન્ટે /ઓપરેશનનો ખર્ચ રૂા. ૬ લાખ અંદાજાયેલ છે. અતઃ રૂા. ૫ લાખની સહાય મેળવવાની હોઈ લલીતના કુટુંબને પણ પોતાની રીતે સહાય મેળવવા જણાવાયું અને તેમણે વિવિધ વૉટ્સએપ દ્વારા જ્ઞાતિજનોને વિનંતી કરી છે. ફેઝ-૨ બાબત સંજીવની એપ પર વિનંતી અપાશે. સૌ મહાજનો/જ્ઞાતિજનો ચાર બાળકો ધરાવતા અને ત્રણ મહિનાથી પારિવારિક ધંધો બંધ થઈ જતા અને જ્યુપીટરમાં દાખલ થવા પહેલાં ભૂજ અને ડોંબિવલીની હૉસ્પિટલોના ખર્ચમાં બચત વપરાઈ જતા તથા હાથમાં રહેલ રકમ હૉસ્પિટલની આવજા અને અન્ય અનુસાંગીક ખર્ચમાં વપરાઈ જાતાં હાલમાં બહુજ દયનીય દશામાં હોઈ શક્ય તે વધુમાં વધુ મદદ તુરંત મોકલવા વિનંતી છે.

સમસ્ત મહાજનની મેડીકલ સમિતિની 'સંજીવની' ટીમે કરેલ વિનંતીના પ્રતિસાદમાં નીચે જણાવેલ સંસ્થાઓ/મહાજનો/એકમો/જ્ઞાતિજનો/ભૂજના નગરજનો એ ફાળો નોંધાવેલ છે. તેમનો આભાર માનીએ છીએ.

સંસ્થા/મહજન/ટ્રસ્ટ/એકમ તરફથી મળે સહાય

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ અને તેની સાધારણ ફંડ ટ્રસ્ટ | રૂા. | ૫૦૦૦૦.૦૦ |
| ૨) | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલીયા | રૂા. | ૧૧૦૦૦.૦૦ |
| ૩) | શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ | રૂા. | ૨૫૦૦૦.૦૦ |
| ૪) | શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય, મુલુંડ | રૂા. | ૧૫૦૦૦.૦૦ |
| ૫) | શ્રી ક.દ.ઓ. જૈન હૈદ્રાબાદ સંઘ | રૂા. | ૧૨૫૨૦૦.૦૦ |
| ૬) | શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ભુજ (લીસ્ટ પ્રમાણે) | રૂા. | ૯૦૬૦૦.૦૦ |
| ૭) | શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ભુજ (લીસ્ટ પ્રમાણે)<br>ભુજના જ્ઞાતિજનો નગરજનો એવં સંસ્થાઓ/મહાજનો | રૂા. | ૬૦૦૦૦.૦૦ |
| ૮) | શ્રી ક.દ.ઓ. જૈન મહાજન અમદાવાદ | રૂા. | ૨૬૮૮૦.૦૦ |
| ૯) | શ્રી રાયચંદ હંશરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ | રૂા. | ૨૫૦૦૦.૦૦ |
| ૧૦) | નેપચ્યુન ફાઉન્ડેશન | રૂા. | ૧૦૦૦૦.૦૦ |

## સમસ્ત કદઓ જૈન મહાજનની મેડિકલ સમિતિની મે ૨૦૧૯ સુધીની ઉત્કર્ષ કામગીરી

### -: દાતાઓ તરફથી મળેલ સહાય :-

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી રીષભ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૨) | શ્રી ફોબરોલ નોનઓયોનીક્સ પ્રા.લી. | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૩) | શ્રી ભારત ઓટોમોબાઈલ્સ | રૂા. | ૨૦૦૦.૦૦ |
| ૪) | શ્રી રૂપેશ અને જીતેશ મોતીચંદ ખોના | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૫) | શ્રીમતી જ્યોતિ પરેશ લાપશીયા | રૂા. | ૨૦૦૦.૦૦ |
| ૬) | શ્રીમતી મધુરી જયંત શાહ | રૂા. | ૧૦૦૦૦.૦૦ |
| ૭) | શ્રી યશોધન અને દીપક કારાણી | રૂા. | ૧૦૦૦૦.૦૦ |
| ૮) | શ્રી કિશોર ખીમજી કારાણી | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૯) | શ્રી રાજેન્દ્ર મોમાયા (ચેન્નાઈ મહાજન) | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૧૦) | શ્રી રાયચંદ માલશી મોતા - સેલમ | રૂા. | ૧૧૦૦૦.૦૦ |
| ૧૧) | શ્રી પદમશી લાલજી લોડાયા | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૧૨) | શ્રી ભવાનજી દેવશી લોડાયા | રૂા. | ૧૧૦૦૦.૦૦ |
| ૧૩) | શ્રી નિતલ દિનેશ લોડાયા | રૂા. | ૧૧૦૦૦.૦૦ |
| ૧૪) | શ્રી વિજય નાયક દંડ-યુએસએ | રૂા. | ૧૦૦૦૦.૦૦ |
| ૧૫) | શ્રીમતી લક્ષ્મીબેન જવેરચંદ ધરમશી-બેંગલોર | રૂા. | ૨૧૦૦૦.૦૦ |
| ૧૬) | શ્રી નીતિન ત્રિકમજી ધરમશી-બેંગલોર | રૂા. | ૧૦૦૦.૦૦ |
| ૧૭) | શ્રી નવલબાઈ સોમચંદ મુનવર | રૂા. | ૨૦૦૦.૦૦ |
| ૧૮) | શ્રી વિરેન્દ્ર શાહ | રૂા. | ૫૦૦૧.૦૦ |
| ૧૯) | શ્રી દર્શન મૈશેરી-હીરાચંદ મેઘજી મૈશેરી-બેલ્લારી | રૂા. | ૨૦૦૧.૦૦ |
| ૨૦) | શ્રી કીર્તિકુમાર રતનશી મલબારી-યુએસએ | રૂા. | ૫૦૦૦૦.૦૦ |
| ૨૧) | શ્રી મહેન્દ્ર દેવજી ખોના-અમદાવાદ | રૂા. | ૭૦૦૦.૦૦ |
| ૨૨) | શ્રી મહેન્દ્ર કે. | રૂા. | ૧૦૦૦.૦૦ |
| ૨૩) | શ્રી વીરચંદ સી. શાહ | રૂા. | ૫૦૦૦.૦૦ |
| ૨૪) | શ્રી નીતિન પાલાણી | રૂા. | ૨૦૦૧.૦૦ |
| ૨૫) | શ્રી હરિશ પાલાણી | રૂા. | ૨૫૦૦.૦૦ |
| ૨૬) | શ્રી જનક વેરશી મોતા | રૂા. | ૨૫૦૦.૦૦ |
| ૨૭) | શ્રી નિલેશ મેઘજી પોલડીયા, બાયઠ | રૂા. | ૨૫૦૦.૦૦ |
| | | **રૂા.** | **૬,૬૧૬૮૩.૦૦** |
| | | | **+ અન્ય રકમ** |

### ૨) શ્રી હંશકુમાર મનસુખલાલ ખોના-મોટી ખાવડી-ડોંબિવલી

શ્રી હંશકુમારભાઈને ટી.બી.ની અસર થતાં તેઓ છ માસથી ઘરે જ હતા. ટી.બી.ની અસર તેમના કરોડરજ્જુ પર થતાં. તેમનું હલનચલન બંધ થતાં ઘરમાં બિછાના વશ હતા. સમસ્ત મહાજનની મેડીકલ સમિતિનો સંપર્ક કરતાં તેમને જ્યુપીટર હોસ્પિટલ, થાણામાં ચેરીટીમાં રીફર કરાયા. ડોક્ટરોએ ઓપરેશનની સલાહ આપી. તેમનો કેસ મેડીકલ સમિતિએ વિવિધ માધ્યમો દ્વારા જ્ઞાતિ સમક્ષ રજુ કર્યો. મહાજનો/એકમો/સંસ્થાઓ જ્ઞાતિજનો અને મોટીખાવડી વાસીઓએ સમયસર પ્રતિસાદ આપતાં તેમનું ઓપરેશન થઈ ગયું. ઓપરેશન સફળ રહ્યું અને તા. ૧૩-૩-૨૦૧૯ના રજા પણ આપી દેવાઈ. હવે તેઓ હાલી ચાલી શકે છે. અને ચાલતા જ ઘેર ગયા હતા. હજી પણ તેમની પોસ્ટ ઓપરેશન ટ્રીટમેન્ટ ચાલે છે. અને ચાલતા જ ઘેર ગયા હતા. અમારી વિનંતીથી નીચે જણાવેલ સંસ્થાઓ/મહાજનો/એકમ/જ્ઞાતિજમોએ મદદ કરી હતી તેમનો મેડીકલ સમિતિ આભાર માને છે.

## સમસ્ત કદઓ જૈન મહાજનની મેડિકલ સમિતિની મે ૨૦૧૯ સુધીની ઉત્કર્ષ કામગીરી

| | |
|---|---|
| શ્રી અનંતનાથજી મ. દેરાસરજી અને સાધારણ ફંડ ટ્રસ્ટ | રૂા. ૫૦૦૦૦.૦૦ |
| શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ | રૂા. ૩૦૦૦૦.૦૦ |
| શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ | રૂા. ૨૫૦૦૦.૦૦ |
| શ્રી મરીનડ્રાઈવ જૈન સાધાર્મિક ફાઉન્ડેશન | રૂા. ૨૫૦૦૦.૦૦ |
| શ્રી અભિનંદન સ્વામી જૈન ફાઉન્ડેશન | રૂા. ૧૫૦૦૦.૦૦ |
| શ્રી કુંથુનાથ સ્વામી જૈન ફાઉન્ડેશન | રૂા. ૨૫૦૦૦.૦૦ |
| શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટ, માટુંગા | રૂા. ૨૫૦૦૦.૦૦ |
| શ્રી ચંદ્રપ્રભ સ્વામી જૈન ફાઉન્ડેશન | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| પા પા પગલી કલા કેન્દ્ર | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર, મલકાપુર | રૂા. ૧૧૦૦૦.૦૦ |
| મે. શાહ એન્ડ કું. | રૂા. ૧૫૦૦૦.૦૦ |
| મે. ખુશબુ ડાઈકેમ પ્રા.લી. | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| મે. ખ પલક લોજીસ્ટીક્સ પ્રા.લી. | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| ફરહીના રહેમાન મોમીન | રૂા. ૧૦૦૦૦.૦૦ |
| મોટીખાવડી/હાલારના જ્ઞાતિજનો તરફથી (શાંતીલાલ એમ.લોડાયા, મુકેશ કે. લોડાયા, જીવરાજ જી. લોડાયા, વિજય મો. લોડાયા, પ્રવીણ કે.લોડાયા, શૈલેન્દ્ર જે લોડાયા, શૈલેશ સી. ખોના, અશોક એમ. દંડ, બીપીન પી. નાગડા, બીપીન કે ધરમશી, જતીન જી. નાગડા, દીલીપ ડી. લાપશીયા ) | રૂા. ૯૦૦૦૦.૦૦ |
| | રૂા ૩૬૧૦૦૦.૦૦ |

### ૩) શ્રી હીરાલાલ વેલજી મોમાયા વરાડીયા-અંજાર

૨૦૦૯માં બાયપાસ સર્જરી થઈ. હાલમાં ડાયાબીટીઝ, થાયરોઈડ, કીડનીનો ક્રોનીક કેસ અને હવે ડાબા પગના અંગૂઠામાં ગ્રેગીન થયેલ છે. અનેક બીમારીઓ હોવાથી ઓપરેશન શક્ય નથી. પગ બહુ દુખે છે. પથારીવશ છે. હાલમાં ઓઝોન થેરપીથી સારવાર રાજકોટમાં કરાવે છે. ખર્ચ રૂા. ૪૦૦૦૦.૦૦ છે

સમસ્ત મહાજનની ‘સંજીવની એપ’ માટે ફાળા, શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન, દેનાબેંક, મુલુંડ(વે.) ખાતા નં. 009410031785 • IFSC Code BKDN 0460094 માં આપનો અનુદાન નોંધાવવા વિનંતી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of ‘**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**’ (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક ‘Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan’ ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# Sanjivani App

## Terms & Conditions

**Criteria :**

• For KDO's only. • Family Income Below 20K • No Insurance Cover • Valid KDO Global Card (for patient) • Case will be considered for Fundraising once it gets Verified by Local Mahajan, Medical Panel & Medical Committee • Fundraising will not be initiated again for the same medical issue

**Process:**

• Apply for KDO Global Card • Application to Samasmt Mahajan Medical Committee with Local Mahajan Approval. • Submit Declaration that No Insurance Cover and Funds are not collected & will not collect from any other sources for this medical issue. • Upload case details on Sanjivani App. Assistance will be provided for uploading of case through Call center, Swasth mitra. • Upload Patient Photo, ID Proof and Medical reports • Funds / Amount will be, considering admission in Multibed / General ward category subject to approval within 24Hrs Mahajan and medical Committee will review the case • On Approval your case will be live for donations • Donations will be disbursed after deducting 10% admin fees. (Sanjivani App Maintance & Gateway charges)

**Please Note:**

• Sanjivani App supports fundraising only. Patients & his family will be fully responsible for selection of Medical Treatment & for their results.
• Fundraiser will not be initiated again for the same medical issue • Fundraising will be initiated for cases were patient requires admission & not for medicines/any out patient treatment. • Case can be rejected if does not fit into Criteria. • Approving authorities (Mahajan/Medical Committee) is not answerable to any one for giving reasons for rejection.

**Medical Documents:**

• Reports, Consultant Letter suggesting the treatment, Cost Estimate from Hospital
• Important Reports like CT/MRI/Biopsy/Any other proving Tretament requirement

**Donors:**

• Donors should donate through Sanjivani App only so that donations can be managed efficiently, with transperency & aginst requirement only.
• Kindy Inform in case you want to keep your name Anonymous.

**Support:**

• Call Center Number: (+91) 909 904 1414
• E-mail: seva@kdosm.org
• website: kdosm.org

## Appeal

As per 4th Gnati Sammelan Resoluation to help Gnatijans in distress due to medical problems Samast Mahajan has initiated this Sanjivani App.

Kindly donate generously for the cause of needy Gnatijays requiring urgent hospitalisation/Medical attention.

# સંજીવની ઍપ

## મેડિકલ સહાય માટેના નિયમો અને શરતો

● આ ફક્ત ક.દ.ઓ. માટે જ છે ● કુટુંબની માસિક આવક રૂ.૨૦૦૦૦/- કે ઓછી હોવી જોઈએ. ● મેડિકલ ઈન્સ્યુરન્સ હશે તો આ સહાય નહીં મળે. ● સહાય ઈચ્છતા જ્ઞાતિજનનો પોતાનો કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ હોવો જરૂરી રહેશે. ● અરજી કરનારના લોકલ ગામનું મહાજન, મેડિકલ સમિતિ અને ડોક્ટરોની પેનલની રજા/ચકાસણી પછીથી કાર્યવાહી કરાશે. ● એક બિમારી માટે વર્ષમાં એક વાર જ સહાય કરાશે.

## મેડિકલ સહાય માટે અરજી કરવાની વિધિ :

● કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ માટે અરજી કરવી / મેળવવું ● પોતાના લોક્લ મહાજનની સ્વીકૃતિ/રજા (માસિક આવક રૂ. ૨૦૦૦૦/- થી ઓછી અને સહાય કરવાને લાયક અરજી) મળેથી જ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ કાર્યવાહી કરશે. ● 'અમારી પાસે મેડિકલ ઈન્સ્યુરન્સ નથી તેમજ બીજા કોઈ પાસે ફંડની માગણી કરેલ નથી' નું લેખિત બયાન આપવાનું રહેશે. ● તે બાદ કોલ સેન્ટર દ્વારા સંજીવની એપ પર મદદ માટે મૂકવામાં આવશે. બીમાર વ્યક્તિનો ફોટો મોકલવાનો રહેશે. અરજી સાથે સર્વે મેડિકલ ટ્રીટમેન્ટ સબંધિત કાગળો આપવાના રહેશે. ● જનરલ વોર્ડમાં એડમીશન પ્રમાણે હોસ્પિટલનું એસ્ટીમેન્ટ (સારવાર, તપાસણી, ઓપરેશન) આપવાનું રહેશે. ● ૪૮ કલાકમાં મહાજને રજાપત્ર અને સમસ્ત મહાજનની ડોક્ટરોની પેનલની રજા આવેથી સહાય મેળવવા/ક્રાઉડ ફંડીગ માટે એપ પર મૂકવામાં આવશે અને સૌને મદદ માટે જાણ કરાશે. ● કોલ સેંટર તેમજ એપની ફી/ખર્ચ માટે ૧૦% એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ (સંજીવની એપ મેન્ટેનંસ અને ગેટવે ચાર્જેસ) કાપી લેવામાં આવશે. ● સંજીવની એપ ફક્ત ફંડ મેળવવા માટે જ છે ● દર્દી તેમજ તેમનું કુટુંબ ઉપચારની રીત / યોગ્યતા અને તેના પરિણામ માટે પોતેજ જવાબદાર રહેશે ● જે બીમારી માટે હૉસ્પિટલમાં દાખલ થવું પડે તેવા કિસ્સામાંજ ફંડ એપ દ્વારા ભેગા કરાશે. દવાઓ કે ઓ.પી.ડી.ની સલાહ પ્રમાણે ઘેર બેઠા દવા/સારવાર માટે ફંડ ઉભા નહીં કરાય ● એક બીમારી માટે વર્ષમાં એક જ વાર તે બાબત ફંડીગ થશે. નિયમોથી પર માંગણી હશે તો તે બાબત વિચારણા નહીં કરાય. ● એપની ફંડીંગ માટે નિર્ણય લેતા અધિકારીઓ (મહાજન/મેડિકલ સમિતિ) દર્દીની અરજીની અસ્વીકાર્યતા માટે જવાબ આપવા બંધાયેલા રહેશે નહીં.

## મેડિકલ ડોક્યુમેન્ટ બાબત :

બીમારી માટે કઢાવેલા જુદા જુદા રીપોર્ટ, કન્સલટંન્ટની સલાહ, હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ/એસ્ટીમેટ એવં CT Scan / MRI / બાયોપ્સી વ.ના બીમારી અંગેના રીપોર્ટ સર્વે મોકલવાના રહેશે.

## ડોનેશન :

જ્ઞાતિજનોએ સમસ્ત મહાજનની એપ દ્વારા મદદ કરવાની રહેશે. કે જેથી તેનું મેનેજમેન્ટ સુગમ રહે. સહાય મેળવનાર નામ જાહેર ન કરવા ઈચ્છતા હોય તો તે મુજબ જણાવવું.

કોલ સેંટર નં. : (+ 91) 9099041414 ● ઈમેઈલ : seva@kdosm.org ● વેબસાઈટ : http://www.kdosm.org કે જેના પર સંજીવની એપ જોઈ શકાશે.

## -: અપીલ :-

ચતુર્થ સંમેલનના ઠરાવ પ્રમાણે વૈદકીય કારણોને લીધે ત્રસ્ત જ્ઞાતિજનોની સેવા કરવા સમસ્ત મહાજને 'સંજીવની એપ' ચાલુ કરેલ છે.

હૉસ્પિટલમાં તાતકાલીક વૈદકીય સારવાર પામવા ઈચ્છતા જરૂરતમંદ બીમાર જ્ઞાતિજનને મદદ કરવા સૌ જ્ઞાતિજનોને પોતાના ફાળા નોંધાવવા અપીલ કરીએ છીએ.

## પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની ગાંધીધામ નગરે પધરામણી

સહિત્ય દિવાકર રાજસ્થાન રત્ન દક્ષિણ દિપક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. આદિઠાણા તા. ૨૧ મે મંગળવારના સામખિયાળી, તા. ૨૨-૫-૨૦૧૯ના ભચાઉ, તા. ૨૩ મે ગુરૂવાર રોજે ફ્રીડમ પેટ્રોલ પંપ અને તા. ૨૪-૫-૨૦૧૯, શુક્રવારના ગાંધીધામ નગરે પધરાણી કરેલ છે. સકળ સંઘના સૌ અને ગુરૂદેવ આચાર્ય ભગવંતના ભક્તગણ દર્શન વંદનનો લાભ પામી શકે છે. જે અવશ્ય લે.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરાની ચાતુર્માસ કમિટી

શ્રી ક.દ.ઓ જૈન સમાજ વડોદરામાં આગામી ચાતુર્માસનું ભવ્ય રીતે આયોજન બનાવવા વિષે ચર્ચા વિચારણ કરવા તા. ૨૧-૫-૨૦૧૯ મંગળવાર રાતે સાડાઆઠ કલાકે કેડીઓ નગરમાં કારોબારી ટ્રસ્ટીશ્રીઓની મિટિંગ મળી જેમાં આગામી ચાતુર્માસ પર્વનું આયોજ ભવ્યતા ભવ્યથી થાય એ માટે વિશદ ચર્ચા વિચારણા કરાઈ. આયોજન માટે ચાતુર્માસ કમિટીની રચના કરાઈ જેના કન્વીનર તરીકે શ્રી પ્રીતમભાઈ કુંવરજી વસાઈયા લાલકાની વરણી સર્વ સંમતિથી કરવામાં આવી. ચાતુર્માસ કમિટીના કન્વીનર તરીકેની જવાબદારી સંભાળવા બદલ તેઓશ્રીને અભિનંદન આપી આભાર સહ અનુમોદના કરાઈ હતી.

## શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટના ઉપક્રમે બે મહાન ગ્રંથોની વ્યાખ્યાન શ્રેણી

તા.૨૩ મે, ગુરુવારથી રોજ સવારે ૯.૧૫ થી ૧૦ સુધી નમોત્થુણં આદિ ચૈત્યવંદન વિધિના સૂત્રોના અદ્‌ભુત વિવેચનરૂપ, શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. દ્વારા વિચલિત લલિત વિસ્તરા ગ્રંથને આધારે પ્રવચનમાળા તથા સવારે ૧૦ થી ૧૦.૪૫ સુધી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત સીમંધર સ્વામીને વિનંતી સ્વરૂપ ૧૨૫ ગાથાના નિશ્ર વ્યવહાર ગર્ભિત સ્તવન આધારે મનનીય વાચના શ્રેણી શરૂ થઈ છે. જેના પ્રવચનકાર અગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા. છે. વ્યાખ્યાન સ્થળ વૃંદાવન સોસાયટી, જૈનમ બંગલો, બાલગૃહ રોડ, દેવલાલી, જિ.નાશિક. જિજ્ઞાસુજનો, શ્રોતાઓએ આ અણમોલ અવસરનો લાભ લેવાનું આમંત્રણ છે.




# કચ્છી જૈન સંઘ નવનીત નગર આંગણે ૪થો ધજા મહોત્સવ યોજાયો







શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રેરિત શ્રી કચ્છી જૈન સંઘ નવનીત નગર શ્રી સંઘના આંગણે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પછી ૪ થો ધ્વજા મહોત્સવ તા. ૨૧ મે ૨૦૧૯, મંગળવાર રોજ ચર્તુવિધ શ્રી સંઘની હાજરીમાં નવનીત નગરના આંગણે, મુનિસુવ્રત દાદાની છત્રછાયામાં પ.પૂ.દેવરક્ષિતસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર કચવન નંદુ અને જય નંદુના સથવારે ખૂબ જ હર્ષોલ્લાસથી યોજાયો. નવનીત નગરના દરેક પરિવારોને ઘર દીઠ અડધો કિલો લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**

**An ISO 9001:2015 Certified Co.**

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

શ્રી ગુણોદયસાગરસૂરિભ્યો નમ :　　　શ્રી અનંતનાથાય નમ :　　　શ્રી મહાકાળીમાતાય નમ :

# SHREE K.D.O. JAIN MUMBAI MID-TOWN SANGH

(Estd. 2000)

C/o. 31, Bhoj Mahal, Tejookaya Park, Dr. Ambedkar Road, Matunga (East), Mumbai - 400 019.
Mobile : 93240 13680 / 97696 48863

તા. ૨૦–૦૫–૨૦૧૯

## આપણા ફાયદાની સરકારી / જ્ઞાતિની યોજનાઓની માહિતી

સુજ્ઞ જ્ઞાતિજનોને પ્રણામ,

સર્વે જ્ઞાતિજનોને ઉપરોકત યોજનાઓની વિગતવાર જાણકારી આપવા મ્યુનિસિપલ કોર્પોરેટર **શ્રીમતિ નેહલબેન ખોના** ના સાથ સહકારથી આ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનારમાં સુકન્યા બચત યોજના, વીમા યોજના, આરોગ્ય યોજના, જ્યેષ્ઠ નાગરીક બચત યોજના, માયનોરીટી માટેની યોજના જેવી સરકારી ફાયદાની યોજનાઓ વિષેની સંપૂર્ણ જાણકારી આપવામાં આવશે.

તેમજ જ્ઞાતિજનો માટે સોશીયલ સીકયુરીટી, ઉચ્ચ અભ્યાસ, હોસ્ટેલ, વ્યવસાયિક મહિલાઓ માટે રહેઠાણ, બુક બેન્ક અને કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ જેવી યોજનાઓ વિષે પણ આ સેમીનારમાં માહિતી આપવામાં આવશે.

★ સરકારી યોજનાઓની વિગતવાર જાણકારી **શ્રી એન. વી. આરોટે** (Public Relation Inspector) આપશે.
★ આપણા જ્ઞાતિના સમસ્ત મહાજનની વિવિધ યોજનાઓની માહિતી **શ્રી કુમાર બાબુભાઈ દંડ** આપશે.
★ સોશીયલ સીકયુરીટી યોજનાની જાણકારી **શ્રી દિપક ગંગાજર ડાઘા** આપશે.
★ જ્ઞાતિજનો માટે મેડીકલ સેવા યોજનાની માહિતી **શ્રીમતિ મનીષાબેન શાહ** આપશે.
★ જ્ઞાતિના વિદ્યાર્થીની અને વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ યોજના અને હોસ્ટેલની સગવડની જાણકારી **શ્રી નરેશ ભવાનજી શાહ** આપશે.
★ પ્રથમ દશ કન્યાઓને મીડટાઉન સંઘ તરફથી સુકન્યા યોજના શરૂ કરાવવામાં આવશે.
★ વિવિધ યોજનામાં ભાગ લેવા માટે લાભાર્થીના ફોટા, અધાર કાર્ડ અને પેનકાર્ડની નકલ સાથે લઈ આવવી જરૂરી છે.
★ સમયસર પધારનાર પ્રથમ ૧૦૦ જ્ઞાતિજનોને લક્કી ડ્રો કૂપન આપવામાં આવશે.
★ ચા–પાણી બાદ વ્યવસાયિક પરિચય માટે સમય ફાળવવામાં આવશે.
★ સેમીનારની પ્રવેશ ફી રૂા. ૧૦૦/– આપીને વ્યવસ્થાપક કમીટીના કોઈપણ સભ્ય પાસેથી પાસ મેળવી લેવા વિનંતી.

### સર્વેને સમયસર પધારવા હાર્દિક આમંત્રણ

**દિવસ : મંગળવાર, તા. ૦૪–૦૬–૨૦૧૯　સમય : બપોરે ૨.૩૦ કલાકે (ચા–પાણી)**

**કાર્યક્રમ બાદ અલ્પાહારનો જરૂરથી લાભ આપશોજી.**

**સ્થળ : શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘની નારાણજી શામજી વાડી**

**વ્યવસ્થાપક કમીટીના સભ્યો :**

**નેહલ ખોના** (MUNICIPAL CORPORATOR)

| | | | |
|---|---|---|---|
| ડો. મીરા ધરમશી | 93233 73773 | સરીતા ડાઘા | 98925 67776 |
| ડો. જયશ્રી ગોસર | 98690 74038 | અશોક દંડ | 98211 44324 |
| સુશીલા ધરમશી | 97691 11034 | ખુશાલ લોડાયા | 98211 17902 |
| ખમા નાગડા | 93240 13680 | રાજેશ લોડાયા | 93232 70528 |
| કનક અજાણી | 90296 34526 | નરેશ દંડ | 99300 49119 |

# ૭૨ જિનાલયની ૨૩મી વર્ષગાંઠ ઊજવાઈ



બોંતેર જિનાલયે તીર્થની ૨૩ મી વર્ષગાઠ ધ્વજારોહણ પ્રસંગે ત્રયાન્હિકા મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો હતો.

અનુષ્ઠાન પ્રસંગે ઉપસ્થિત મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા., મુનિ મલયસાગરજી મ.સા., મુનિ રત્નાકરસાગરજી મ.સા., વિશ્વોદયશ્રીજી મ.સા., પૂર્ણાનંદશ્રીજી મ.સા., હંસાવલીશ્રીજી મ.સા., જયરેખાશ્રીજી મ.સા., જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા., રમ્યગુણાશ્રીજી મ.સા., ભાવપૂર્ણાશ્રીજી મ.સા., ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., મોક્ષદર્શનાશ્રીજી મ.સા., જયધર્માશ્રીજી મ.સા., રત્નત્ર્યાશ્રીજી મ.સા., પુનિતગુણાશ્રીજી મ.સા., અજરામર સંપ્રદાયના આશાબાઈ મહાસતીજી, અશ્વિનાબાઈ મહાસતીજી આદિની નિશ્રામાં ત્રણ દિવસ અનુક્રમે પંચકલ્યાણક પૂજા, અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા, અનુષ્ઠાનો સાથે આંગી અને રાત્રિ ભાવનાની રંગત જામી હતી.

મુનિરાજ પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ અનુષ્ઠાનો અને ધ્વજારોહણનું મહત્વ સમજાવતાં પ્રવચનમાં જણાવ્યું કે, અઢાર અભિષેક આશાતનાના દોષ નિવારણ સાથે વિઘ્નોને શાંત કરે છે અને ધ્વજારોહણ ગામ-દેશ અને રાષ્ટ્ર તેમજ વિશ્વની શાંતિનું પ્રતીક છે.

સમગ્ર વ્યવસ્થા જય જિનાલય ગ્રુપ અને હિંદમાતા વોલિન્ટર ગ્રુપે સહયોગ આપ્યો હતો. મુખ્ય ધજાનો લાભ ચાંપશી પદમશી શાહ (મેરાઉ), કેશરબેન ટોકરશી શિવજી સાવલા પરિવાર (જયેશભાઈ), ભક્તિ મંડળના રાજુભાઈ ભાછા, પ્રવીણભાઈ સંઘવી, વિરલભાઈ શાહ, વીરસેનભાઈ ભાછા તેમજ મુંબઈગરાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધ્વજારોહણ કર્યુ હતું. વિધિકાર દિનેશભાઈ ગોગરી, ભરતભાઈ બોરીચા, જય જિનાલય ગ્રુપ હાજર રહ્યાં હતા.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ વૈભવભાઈ કાંતિલાલ સાવલા, કિશોરભાઈ ભેદા, મણિલાલભાઈ હરિયા, નીતિનભાઈ રવિલાલભાઈ સંગોઈ, રતિલાલભાઈ શામજીભાઈ રમણીકભાઈ સ્ટાફગણ તથા આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્તિત રહ્યાં હતા.



# બાલતપસ્વીની નવાણું યાત્રા પૂર્ણ

મોહિત અમિત સિયાલ જખૌ ઘાટકોપર ઉ.વ.૧૩ બાળયાત્રિક નવ્વાણું જાત્રા પૂર્ણ કરેલ છે. નવ નવ ટૂંક ૯૯ + ૯ તપસ્વી બાળની ભવ્ય અનુમોદના

# પ.પૂ.સા. કનગુણાશ્રીજી મ.સા.નો દારહા ગામે સ્થિરતા વાસ

પ.પૂ.સાધ્વીજી કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ યવતમાળ જિલ્લાના દારહ્વા ગામે શાતા પૂર્વક બિરાજમાન છે. આગળનો વિહાર દિગ્રસ બાજુ રહેશે. દર્શન વંદનનો સકળ સંઘ સૌ. લાભ લે એ વિનંતી.




● ગાંધીધામના મારવાડી યુવા મંચ દ્વારા મારવાડી ભવન ખાતે નિઃશુલ્ક શ્રવણ યંત્ર વિતરણ શિબિર યોજાઈ. જેમાં ૯૦ લાભાર્થીને શ્રવણ યંત્ર અપાયા હતા. તેમજ બે લાભાર્થીને રાહત દર બેરા ટેસ્ટ કરી અપાઈ હતી.

● અંજારના રઘુનાથજી મંદિર હોલ ખાતે ૬૨મો નિઃશુલ્ક નેત્રયજ્ઞ માનવ ચેરિટેબલ ટ્રસ્ટ તથા અંજાર લોહાણા મહાજન દ્વારા યોજાયો જેમાં ૩૫૬ જણની આંખ તપાસણી તથા ૧૬૬ લાભાર્થીઓના ઓપરેશન રાજકોટમાં કરાવી અંજાર પરત વાહનોથી લઈ અવાયા હતા. ફ્રી દવા, ઓપરેશન તથા ચા-નાસ્તો જમવાની સુવિધા અને વાહન સુવિધા સંસ્થા દ્વારા અપાઈ હતી. બે રઘુવંશી પરિવારના લગ્ન પ્રસંગ ચાંદલા રકમ રૂા. ૧,૩૧,૧૧૧ તથા રૂા. ૩,૮૮,૩૧૮ નો ચેક ટ્રસ્ટને અપાયો હતો.

● મુંદરા દરિયાલાલ મિત્રમંડળ દ્વારા ગૌસેવાના લાભાર્થે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ શાસ્ત્રી મેદાનમાં કરવામાં આવ્યો હતો. આ પહેલાં જવાહર ચોક સ્થિત કોટેશ્વર મહાદેવ મંદિરથી શોભાયાત્રા નીકળી હતી.

● ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ગીતા પ્રતિષ્ઠાન મુંબઈ ગીતાજી પ્રચાર પારિતોષિક યોજના હેઠળ શ્રીમદ્ ભગવદ્ગીતાનું પઠન પરીક્ષા કચ્છ જિલ્લામાં લેવાઈ હતી. જેમાં ૯૯ ટકા પરિણામ આવ્યું હતું. રાજ્યમાં પ્રથમ વાર હિંદુ મુસ્લિમ બાળકો વિશેષ યોગ્યતામાં ઉર્તીણ થયા હતા. કચ્છ જિલ્લામાં ૧૮ કેન્દ્ર ખાતે ગીતાજી પઠન પરીક્ષા લેવાઈ જેમાં ૭૦૦ વિદ્યાર્થીઓમાંથી ૬૯૦ વિદ્યાથીઓ ઉર્તિણ થયા હતા.

● પુલવામાં ખાતે શહીદ થયેલા સૈનિકો માટે ગૃહ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતાં 'ભારત કે વીર' શહીદ ફંડમાં કચ્છ જિલ્લાની દિવ્યાંગો માટે કાર્ય કરતી સંસ્થા નવચેતન અંધ જન મંડળ માધાપરના કર્મચારીઓએ પોતાનો એક દિવસનો પગાર તથા ટ્રસ્ટીઓએ પોતાની ક્ષમતા મુજબ ફાળો આપી રૂા.૧.૨૫ લાખ જમા કરી કલેક્ટર કચેરી ખાતે અર્પણ કર્યો હતો.

● જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા જિલ્લાના વેકિસન સ્ટોરેજના તમામ ૯૩ કેન્દ્રોમાં હાલે વેકિસન સ્ટોરેજ થાય છે. એ તમામ કોલ્ડ ચેઈન, પોઈન્ટ માટેની બે દિવસીય તાલીમ અદાણી મેડિકલ કોલેજ ખાતે યોજાઈ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ તથા શહેરી આરોગ્ય કેન્દ્રોમાં વેકિસન સ્ટોરેજ માટે આઈ.એલ.આર. ફ્રીઝ, ડીપફ્રીઝ તથા ઓનલાઈન ડેટા લોગર સહિતની આધુનિક સુવિધા ઈન્સ્ટોલ કરાઈ છે તથા તમામ પોઈન્ટને ઈલેકટ્રોનિક વેકિસન ઈન્ટેલિજન્સ નેટવર્ક (ઈવીન) સોફ્ટ વેરથી સજ્જ કરાયા છે. જેના દ્વારા તમામ પોઈન્ટ પર વેકિસન સ્ટોક તથા ફ્રીઝના તાપમાનનું જિલ્લા કક્ષાએ લાઈવ-ઓન લાઈન મોનિટરીં ગ કરવાની સુવિધા છે. જેના થકી રસીની સુવિધા યુક્ત સેવાઓ ઉપલબ્ધ થશે.

● મૂળભુજના અને હાલે ઓસ્ટ્રેલિયા ખાતે એસબીએસ રેડિયોમાં હિન્દી ગુજરાતી ભાષાના પ્રોડ્યુસર તરીકે કાર્યરત હરિતા મહેતાને ગ્લોબલ ગુજરાતી ફાઉન્ડેશન વડોદરા તરફથી ''એન.આર.આઈ. સેતુ રત્ન એવોર્ડ તથા હિન્દુ કાઉન્સલ ઓસ્ટ્રેલિયા દ્વારા ''ગાર્ગી એવોર્ડ'' આપી ગૌરવ કરાયો છે. હરિતા મહેતા પૂર્વસાંસદ અને એક સમયના કોંગ્રસના એકલવીર અડીખમનેતા ડૉ. મહિપત રાય મહેતાના પૌત્રી છે.

● અબુધાબીમાં તાજેતરમાં યોજાએલી સ્પેશ્યિલ ઓલિમ્પિક વર્લ્ડ ગેમ્સમાં મૂળ નાના ભાડીયાની અને મુંબઈ વડાલામાં રહેતી સ્પેશિયલ ચાઈલ્ડ બાવીસ વર્ષીય પૂજા કલ્પેશ વીરા સ્વિમીંગ સ્પર્ધામાં ૧૫૦૦ મીટરમાં સિલ્વર મેડલ, જ્યારે ૮૦૦ મીટરની સ્વિમીંગપૂલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

# જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | **• જન્મ •** | | |
| ૩૦-૦૪-૨૦૧૯ | યુ.એસ.એ. | સમક્ષ, અંજલી યોગેશ પ્રફુલચંદ્ર મુનવર | કોઠારા | પુત્ર |
| | | **• જ્ઞાતિ સગપણ •** | | |
| ૧૯-૦૫-૨૦૧૯ | મુલુંડ | સચિન ખુશાલ તલકચંદ નાગડા (ધુમ) | નલિયા | ૨૭ |
| | અમદાવાદ | પ્રિયલ મુકેશ મુલજી લાલકા | લાલા | ૨૭ |
| | | **• આંતરજ્ઞાતિ સગપણ •** | | |
| ૦૭-૦૫-૨૦૧૯ | મસ્જિદ | ધવલ પ્રશાંત સુરેશ ધરમશી | મંજલ | - |
| | વાશી | રુચી ચેતન મંગલદાસ ઠક્કર | મસ્કા | - |
| ૧૨-૦૫-૨૦૧૯ | દાદર | નિતેશ યાદગિરી સત્યનારાયણ કોમટી | વારંગલ | - |
| | મુલુંડ | ભૂમિ પરેશ રાયચંદ લોડાયા | સાંધવ | - |
| | | **• સગપણ છૂટા •** | | |
| ૧૮-૦૪-૨૦૧૮ | હુબલી | કારણ જયેશ લક્ષ્મીચંદ શિયાલ | જખૌ | ૨૭ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૨૭ |
| | | **• મરણ •** | | |
| ૨૧-૦૫-૨૦૧૯ | બોરીવલી (પ) | અરૂણ પદમશી લોડાયા (શાહ) | કુઆપધર | ૭૭ |
| ૨૧-૦૫-૨૦૧૯ | ડોંબિવલી (પૂ) | નિર્મલાબેન ચંપકલાલ લોડાયા | ખાવડી મોટી | ૬૫ |
| ૨૩-૦૫-૨૦૧૯ | મસ્જિદ | પ્રભાવતી જયચંદ મોતા | સુથરી | ૮૮ |
| ૨૫-૦૫-૨૦૧૯ | મુર્તીજાપુર | લક્ષ્મીબાઈ વેલજી મોમાયા | સિંધોડી | ૭૬ |
| ૨૫-૦૫-૨૦૧૯ | વડોદરા | દેવકુંવરબેન શામજી ધુલ્લા | બાંઢીયા | ૮૪ |
| ૨૫-૦૫-૨૦૧૯ | કોઈમ્બતુર | પુષ્પાબેન રાયચંદ લોડાયા | કુઆપધર | ૮૩ |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક

• **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.

• **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.

• **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઇમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરૂર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.

• **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. જેમ કે:**

• દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).

• ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.

• જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી

• બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો

• જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરુઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરુરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

**ચેરપર્સન – હેમાબેન ગુલાબ છેડા** **કન્વીનર – હંસ ભવાનજી ખીમજી**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Personal Information**



**Name :** Jatin P Shah (Dharamsi)

**DOB :** 15th September 1986

**Birth Place :** Dombivli

**Birth Time :** 09:16 am

**Height :** 5' 5"

**Weight :** 60 Kgs

**Current Residence :** Dombivli

**Qualification :** CFP, MBA (Finance) & B.Com.-Mumbai University

**Professional Information :** Business – Personal Finance and Investment Consulting

**Family and Other Details**

**Father :** Late Pratap D. Shah (Dharamsi)

**Mother :** Saroj P. Shah (Dharamsi) – Housewife

**Paternal Grandfather :** Damji Vershi Dharamsi

**Maternal Grandfather :** Dhanji Ratanshi Nagda

**Vastipatrak Number :** JKDH 04 (00103)

**Contact Details :** Saroj Pratap Dharamsi 5, Sai Parijat, Ganesh Mandir Road, Near Nehru Maidan, Dombivli East 421201

**Mobile :** 7021382077

**E-mail :** jatin.p.shah@gmail.com

Gyatimaiya KDO Mahajan Code No. B-29

**Name :** Heta Pankaj Dharamshi.



**DOB :** 28/10/1994

**Time :** 11.03 pm

**Height :** 4 ft 10 inch

**Native :** Rapar

**Place :** Mulund

**Native Place :** Suthari /Kothara

**Qualifications :** B.com , E.C.C.Ed.

**Work :** Chip and Dale Preschool

**Specialization :** Rubix Cube Mentor

**Father :** Pankaj Dharamshi

**Mother :** Tejal

**Dadana :** Urmila Jhaverchand Khimji Dharamshi.

**Nanana :** Dhanbai Punshi Meisheri.

**Residence :** Flat No.6, A wing, Mayuri Apt., R.H.B Road , Mulund (West) , Mumbai -80.

**Phone :** 9819788029

Gyatimaiya KDO Mahajan Code No. G-30

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ મહાજન

રૂમ નં.૩, ગ્રાઉન્ડ ફ્લોર, અનંતસિધ્ધિ જૈન મંદિર,
બડવાઈક હાસ્પિટલ સામે, ૧૦૭, એલ.બી.એસ.રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૭૮.

# દિવ્યાંગ સમિતિ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની સમસ્યાના નિવારણ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનારમાં દિવ્યાંગ વ્યક્તિઓના કોઈપણ બે કુટુંબીજન અથવા કેર-ટેકર હાજર રહી શકશે. આ સેમિનાર તદ્દન નિઃશુલ્ક છે અને તેમજ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. યોગ્ય વ્યવસ્થા માટે આપને ૩ જૂન સુધી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.



## કાઉન્સલિંગ અને વાર્તાલાપ

## વિવિધ સરકારી અને સંસ્થા દ્વારા જાહેર થયેલી યોજનાઓની સમજને માહિતી






## દિવ્યાંગ વ્યક્તિઓના કેર-ટેકર સાથે વિશેષ વાર્તાલાપ

**દિવસ અને તારીખ :** સોમવાર, તા.૧૦મી જૂન ૨૦૧૯
**સમય :** બપોરના ૨.૩૦ થી સાંજના ૫.૩૦ સુધી
**સ્થળ :** અનંત છાયા, આર.બી.મહેતા માર્ગ (૬૦ ફુટ રોડ), ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૭૭.

સંપર્ક :-

કાશ્મીરા લુઢિયા - 9821675772 • નીના સાયલા - 9022876713

## ઊંડી સમજણ, ઉચિત સહાય

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance ™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO Gyatimaiya Weekly E-magazine KDO